# ગુજરાત જાહેર સેવા આયોગ

## અગત્યની જાહેરાત

આયોગ દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલ નીચે મુજબની વિગતની જાહેરાતોની પરીક્ષા યોજાનાર છે. આ જગ્યાઓની પ્રાથમિક કસોટીનો અભ્યાસક્રમ આયોગની વેબસાઇટ https://gpsc.gujarat.gov.in/ પર ઉપલબ્ધ છે.

| ક્રમ (૧) | જગ્યાનું નામ (૨) | જાહેરાત ક્રમાંક (૩) | પ્રાથમિક કસોટી / મુખ્ય લેખિત કસોટી / શારીરિક ક્ષમતા કસોટી-શારીરિક માપ ચકાસણીની તારીખ અને સમય (૪) | પ્રવેશપત્ર ડાઉનલોડ કરવાની તારીખ (૫) |
|---|---|---|---|---|
| ૧ | વ્યવસ્થાપક, વર્ગ-૧ (નિયામકશ્રી, સરકારી મુદ્રણ અને લેખન સામગ્રી) | ૧૧/૨૦૧૯-૨૦ | ૧૭/૧૧/૨૦૧૯<br>૧૧:૦૦ થી ૦૨:૦૦ | ૦૭/૧૧/૨૦૧૯<br>૧૩:૦૦ કલાક |
| ૨ | મદદનીશ બાગાયત નિયામક / વિષય નિષ્ણાત, વર્ગ-૨ | ૧૮/૨૦૧૯-૨૦ | ૧૭/૧૧/૨૦૧૯<br>૧૧:૦૦ થી ૦૨:૦૦ | ૦૭/૧૧/૨૦૧૯<br>૧૩:૦૦ કલાક |
| ૩ | પ્રોફેસર (હોમિયોપેથી), પ્રેક્ટિસ ઓફ મેડિસીન, વર્ગ-૧ | ૦૨/૨૦૧૯-૨૦ | ૧૭/૧૧/૨૦૧૯<br>૧૧:૦૦ થી ૦૨:૦૦ | ૦૭/૧૧/૨૦૧૯<br>૧૩:૦૦ કલાક |
| ૪ | લેક્ચરર સિલેક્શન સ્કેલ (પ્રોફેસર), અગદતંત્ર અને વિધિવૈધયક, વર્ગ-૧ | ૦૧/૨૦૧૯-૨૦ | ૨૪/૧૧/૨૦૧૯<br>૧૧:૦૦ થી ૦૨:૦૦ | ૧૪/૧૧/૨૦૧૯<br>૧૩:૦૦ કલાક |
| ૫ | નાયબ બાગાયત નિયામક, વર્ગ-૧ | ૦૭/૨૦૧૯-૨૦ | ૨૪/૧૧/૨૦૧૯<br>૧૧:૦૦ થી ૦૨:૦૦ | ૧૪/૧૧/૨૦૧૯<br>૧૩:૦૦ કલાક |
| ૬ | રીડર/એસોસીયેટ પ્રોફેસર (હોમિયોપેથી) – ઓબ્સ્ટ્રેક એન્ડ ગાયનેકોલોજી, વર્ગ-૧ | ૧૪/૨૦૧૯-૨૦ | ૨૪/૧૧/૨૦૧૯<br>૧૧:૦૦ થી ૦૨:૦૦ | ૧૪/૧૧/૨૦૧૯<br>૧૩:૦૦ કલાક |
| ૭ | રાજ્ય વેરા નિરીક્ષક, વર્ગ-૩ | ૮૦/૨૦૧૮-૧૯ | ૨૪/૧૧/૨૦૧૯<br>સવારે ૧૦:૦૦ થી ૦૧:૦૦<br>બપોરે ૦૩:૦૦ થી ૦૬:૦૦<br>૦૧/૧૨/૨૦૧૯<br>સવારે ૧૦:૦૦ થી ૦૧:૦૦<br>બપોરે ૦૩:૦૦ થી ૦૬:૦૦ | ૧૩/૧૧/૨૦૧૯<br>૧૩:૦૦ કલાક |
| ૮ | પોલિસ ઇન્સ્પેકટર (બિન હથિયારધારી), વર્ગ-૨ | ૧૧૨/૨૦૧૮-૧૯ | ૨૫/૧૧/૨૦૧૯ થી<br>૨૯/૧૧/૨૦૧૯<br>સવારે ૦૫:૦૦ (PET / PST) | ૧૩/૧૧/૨૦૧૯<br>૧૩:૦૦ કલાક |
| ૯ | અધિક્ષક પુરાતત્વવિદ્, પુરાતત્વ અને સંગ્રહાલય ખાતુ, વર્ગ-૨ | ૧૭/૨૦૧૯-૨૦ | ૦૧/૧૨/૨૦૧૯<br>૧૧:૦૦ થી ૦૨:૦૦ | ૨૧/૧૧/૨૦૧૯<br>૧૩:૦૦ કલાક |
| ૧૦ | ગુજરાત તબીબી અને આરોગ્ય સેવા, વર્ગ-૨: તબીબી અધિકારી વર્ગ-૨<br>વિમા તબીબી અધિકારી વર્ગ-૨ | ૧૨/૨૦૧૯-૨૦ | ૦૧/૧૨/૨૦૧૯<br>સવારે ૧૧:૦૦ થી ૦૧:૦૦<br>બપોરે ૦૩:૦૦ થી ૦૫:૦૦ | ૨૧/૧૧/૨૦૧૯<br>૧૩:૦૦ કલાક |
| ૧૧ | સરકારી હોમિયોપેથી કોલેજ ખાતેના પ્રિન્સિપાલ/સુપ્રિન્ટેન્ડન્ટ, વર્ગ-૧ | ૦૪/૨૦૧૯-૨૦ | ૦૧/૧૨/૨૦૧૯<br>૧૧:૦૦ થી ૦૨:૦૦ | ૨૧/૧૧/૨૦૧૯<br>૧૩:૦૦ કલાક |
| ૧૨ | નાયબ સેકશન અધિકારી / નાયબ મામલતદાર, વર્ગ-૩ | ૨૦/૨૦૧૯-૨૦ | ૦૮/૧૨/૨૦૧૯<br>૧૧:૦૦ થી ૦૧:૦૦ | ૨૫/૧૧/૨૦૧૯<br>૧૩:૦૦ કલાક |

**નોંધ:**

**(૧)** જાહેરાત ક્રમાંક: ૧,૨,૪,૭,૧૧,૧૪, ૧૭, ૧૮/૨૦૧૯-૨૦ **Computer Based Recruitment Test (CBRT)** પધ્ધતિથી લેવામાં આવશે, CBRT બાબતે અદ્યતન જરૂરી સૂચનાઓ/માહિતી આયોગની વેબસાઈટ પર થી મેળવવાની રહેશે. CBRT પધ્ધતિથી લેવાતી પ્રાથમિક કસોટીઓ માટે ઉમેદવારોએ પરીક્ષાનાં દિવસે પરીક્ષા ખંડમાં પરીક્ષાનાં નિયત સમયથી એક કલાક પહેલા અચૂક હાજર થવાનું રહેશે.

**(૨)** જાહેરાત ક્રમાંક: ૮૦/૨૦૧૮-૧૯, જા.ક્ર.૧૧૨/૨૦૧૮-૧૯ અને જા.ક્ર.૨૦/૨૦૧૮-૧૯ સિવાયની જાહેરાતમાં જે ઉમેદવારોના અરજીપત્રક કન્ફર્મ થયેલ છે તેવા તમામ ઉમેદવારોને આ કસોટીમાં કામચલાઉ ધોરણે ઉપસ્થિત થવા દેવાનો આયોગે નિર્ણય કરેલ છે. ઉપર્યુક્ત જાહેરાતોના સંબંધિત ઉમેદવારોએ કોલમ-૫ માં દર્શાવેલ તારીખે બપોરના ૧૩:૦૦ કલાક થી પરીક્ષાના દિવસે પરીક્ષા શરૂ થાય ત્યાં સુધીમાં (જા.ક્ર.-૧૧૨/૨૦૧૮-૧૯ માટે તારીખ-૩૦/૧૧/૨૦૧૯ સવારે ૦૬:૦૦ કલાક સુધી અને જા.ક્ર.૮૦/૨૦૧૮-૧૯ માટે તારીખ-૦૧/૧૨/૨૦૧૯ સવારે ૧૦:૦૦ કલાક સુધી) પોતાના પ્રવેશપત્ર, હાજરીપત્ર તથા ઉમેદવારોની સુચનાઓ (પરિશિષ્ટ-૧ અને ૨) **"Online"** ડાઉનલોડ કરવાના રહેશે. જા.ક્ર.૮૦/૨૦૧૮-૧૯, જા.ક્ર.૧૧૨/૨૦૧૮-૧૯ અને જા.ક્ર.૨૦/૨૦૧૮-૧૯ માટે સંબંધિત ઉમેદવારોએ ફક્ત પ્રવેશપત્ર અને ઉમેદવારોની સુચનાઓ (પરિશિષ્ટ-૧ અને ૨) જ ડાઉનલોડ કરવાના રહેશે.

**(૩)** પ્રવેશપત્ર **"Online"** ડાઉનલોડ કરવા માટે ઉમેદવારોએ નીચે મુજબ તબક્કાવાર / સ્ટેપવાઈઝ કાર્યવાહી કરવાની રહે છે. (૧) **https://gpsc-ojas.gujarat.gov.in** પર જવું. (૨) **"Call Letter/Form" >> "Preliminary Call Letter / Main Exam Call Letter / Form"** પર **"Click"** કરવું. (૩) અહીં ઉમેદવારે પોતાની **"Job Select"** કરવી તથા **"Confirmation Number"** અને **"Birth Date"** ટાઈપ કરવાના રહેશે. (૪) હવે **"Print Call Letter"** પર **"Click"** કરી પ્રવેશપત્રની પ્રિન્ટ મેળવી લેવાની રહેશે. હાજરીપત્રકમાં નોંધની અંદર પરિશિષ્ટ-૧ અને પરિશિષ્ટ-૨ પર **"Click"** કરવાથી ઉમેદવારની સુચનાઓ પરિશિષ્ટ-૧ અને પરિશિષ્ટ-૨ની પ્રિન્ટ નીકળશે. આ તમામ દસ્તાવેજોની પ્રિન્ટ અચુક કાઢવામાં આવે તેની નોંધ લેવી. પ્રવેશપત્ર અને હાજરીપત્રક અલગ અલગ કાગળ પર પ્રિન્ટ કરવાના રહેશે. પરીક્ષા સમયે બંને સાથે લાવવાના રહેશે. ફોટાવાળું હાજરીપત્રક પરીક્ષાખંડમાં પરત સોંપવાનું રહેશે. જે ઉમેદવારોના ફોટા હાજરીપત્રકમાં સ્પષ્ટ જોઈ શકાય તેવા આવેલા ન હોય તેવા ઉમેદવારોએ પોતાનો પાસપોર્ટ સાઈઝનો તાજેતરનો ફોટો પરીક્ષાકેન્દ્ર પર લાવવાનો રહેશે. આ ફોટો ઉમેદવારનો પોતાનો છે તેની સ્પષ્ટતા માટે ફોટાવાળું ઓળખપત્ર સાથે રાખવું આવશ્યક છે.

**ખાસ નોંધ:-** પોસ્ટ ઓફિસ/ઓનલાઇન અરજી ફી ભરેલ નથી તેવા બિનઅનામત કક્ષાના ઉમેદવારો પ્રવેશપત્ર ડાઉનલોડ કરી શકશે નહીં. આ ઉમેદવારોએ પ્રથમ આયોગની કચેરી (સરનામું: એરફોર્સ કચેરીની સામે, છ-૩ સર્કલ પાસે, 'છ' રોડ, સેક્ટર-૧૦-એ, ગાંધીનગર) ખાતે પરીક્ષાના આગલા કામકાજના દિવસ સુધીમાં કચેરી સમય દરમ્યાન રૂબરૂમાં આવી પ્રોસેસ ચાર્જ રૂ.૫૦૦/- રોકડેથી ભરવાના રહેશે. ત્યારબાદ જ પ્રવેશપત્ર ડાઉનલોડ કરવાની પરવાનગી આપી શકાશે. જેની સંબંધિત ઉમેદવારોએ નોંધ લેવી. જે ઉમેદવારોના અરજીપત્રક કન્ફર્મ થયેલ હોય અને સમય મર્યાદામાં અરજી ફી ભરેલ હોય, છતાં પ્રવેશપત્ર ડાઉનલોડ થતો ન હોય અથવા વેબસાઇટ પર **"Application Not Found"** નો મેસેજ આવતો હોય તેવા ઉમેદવારોને પરીક્ષાના આગલા કામકાજના દિવસ સુધીમાં આયોગની કચેરી ખાતે કચેરી સમય દરમ્યાન અરજી કર્યાના પુરાવા સહિત રૂબરૂ સંપર્ક સાધવા જણાવવામાં આવે છે.

તારીખ-૦૬/૧૧/૨૦૧૯

follow us on: @GPSC_OFFICIAL https://gpsc.gujarat.gov.in GPSC (Official)